©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

PUBLISHED BY AUTHORITY

VOL. LXVI] FRIDAY, 12th SEPTEMBER, 2025/BHADRA 21, 1947 [No. 5924

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation

PART-II EXTRAORDINARY

અધિસૂચના

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ નિયમો-૧૯૭૯, નિયમ-૨૬ (૯)

નગર રચના યોજના નં. ૨૧ (મવડી)

આખરી યોજના

નં. નરયો નં. ૨૧ (મવડી)/આખરી/૨૪૭૩/૨૦૨૫.-ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ-૫૨ ની પેટા કલમ-(૩) અનુસાર અને ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ નિયમો-૧૯૭૯ ના નિયમ-૨૬ ના પેટા નિયમ-(૯) માં જોગવાઈઓ કર્યા મુજબ નગર રચના અધિકારી તરીકેના આખરી નગર રચના યોજના નં. ૨૧(મવડી) અંગેના મારા નિર્ણયો આજ રોજ તા. ૧૧-૦૯-૨૦૨૫ ને, ગુરૂવારે જાહેર કર્યા છે.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ-૫૪ મુજબ તેમજ ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ નિયમો-૧૯૭૯ ના નિયમ-૨૬ ના પેટા નિયમ-(૯) ની જોગવાઈઓ અનુસાર નગર રચના અધિકારી તરીકે જે તે પ્લોટ માટે લીધેલા મારા નિર્ણયોના ઉતારા, નમુનો-''ડ'' મુજબ નગર રચના યોજના નં. ૨૧(મવડી) માં આવતી દરેક મિલ્કતનાં માલિકોને પહોંચાડવાની તજવીજ કરવામાં આવી રહેલ છે.

ઉપરોકત નિર્ણયોથી અસંતોષ થયો હોય તેવી હિત સંબંધ ધરાવતી વ્યક્તિઓને / માલિકોને મારા નિર્ણયોના ઉતારાની નકલ મળ્યેથી એક (૧) માસની અંદર જે નિર્ણયો અપીલને પાત્ર છે, તે માટે ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની જોગવાઈ હેઠળ શહેરી વિકાસ વિભાગના તા. ૨૫-૧૦-૨૦૧૭ ના જાહેરનામાથી રાજ્યના તમામ જીલ્લાઓ માટે કાર્યરત કરાયેલ રાજ્ય કક્ષાના બોર્ડ ઓફ અપીલના અધ્યક્ષશ્રી (સી/ઓ- મુખ્ય નગર નિયોજકશ્રીની કચેરી, સેન્ટ ઝેવિયર્સ સ્કુલની સામે, ચ-૩, ક્રોસ રોડ, સેકટર-૧૦/એ, ગાંધીનગર) ને જરૂરી કોર્ટ ફી નો સ્ટેમ્પ લગાવી ત્રણ (૩) નકલમાં લેખીત અપીલ અરજી કરી શકશે.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ-૫૩ માં જણાવ્યા મુજબ નગર રચના અધિકારીના કેટલાક નિર્ણયો છેવટના છે. જ્યારે કલમ-૫૪ માં જણાવ્યા મુજબ નગર રચના અધિકારી કેટલાક નિર્ણયો અધિનિયમની કલમ-૫૫ હેઠળ રચાતા અપીલ બોર્ડ સમક્ષ અપીલને પાત્ર છે.

તૈયાર કરવામાં આવેલ ઉપરોકત આખરી યોજનાની સંપૂર્ણ માહિતી, નકશાઓ તેમજ નિર્ણયોની એક (૧) નકલ નગર રચના અધિકારીની કચેરીમાં રજાના દિવસો સિવાય નીચેના સરનામે કચેરી સમય દરમ્યાન નિરિક્ષણ માટે ખુલ્લા રાખવામાં આવેલ છે, તેમજ તે સમજાવવાની જરૂરી વ્યવસ્થા પણ કરવામાં આવેલ છે.

તા. ૧૧-૦૯-૨૦૨૫
સ્થળ : રાજકોટ

સહિ/- અવાચ્ય
નગર રચના અધિકારી
પ્રવર નગર નિયોજક
રાજકોટ નગર રચના યોજના
રાજકોટ.

કચેરીનું સરનામુ :
પ્રવર નગર નિયોજકશ્રીની કચેરી,
રાજકોટ નગર રચના યોજના, રાજકોટ
''રૂડા'' બિલ્ડીંગ, છઠ્ઠો માળ, શ્રી ચીમનભાઈ પટેલ વિકાસ ભવન,
જામનગર રોડ, રાજકોટ-૩૬૦૦૦૧.

Signature Not Verified
Signed by:SUBIR KUMAR GHOSH
Date: 2025.09.13 10:21:31 +05:30
Reason: Validate Document
Location: Government Press & Stationery, Rajkot